સંભવ છે.

**(૯૦૧) ગોડી પાર્શ્વ સ્તવન** ૬૦ કડી ર.સં.૧૬૧૬ ફા.શુ.ર રવિ

**આદિ**– સરસ વચન **સરસતિ** તણા, પામી અવિચલ મત

શ્રી **ગોડી પાર્શ્વ** જિણંદની, સ્તવસૂં જિણગુણકીરત, ૧

**મરૂધરમંડણ** દેસમાં, પ્રગટા **પાસ** જિણંદ

પુરૂસાદાંણી જાગતો, ભવિયણને આણંદ. ૩

**અંત** – સંવત **સોલ વસૂ અદૂઆ** જાસણો, ફાગણ સુદ બીજ રવિવાર ગણો,

જે ભણુસે ગુણુસે નરનારી, **પાસ** નામ પામસે જયકારી. ૫૯

ઇમ **ગોડી**મંડણ જગત્રવંદન ભાવ ભગતેં ગાઇઓ

મનઆસપૂરણ દુઃખચૂરણ વંછિત સુરતરૂ પાઇઓ

ભલો ભાવ ભગતેં ભલો જગતે પુરિસાદાણી સ્તવ ભણી

શ્રી **તેજરતન** સૂરિંદ સીસો સ્તવો **ગોડી**પુરધણી. ૬૦

(૧) સં.૧૬૭૦નો ચોપડો, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૮. 'વસુ અદૂઆ' એટલે વસુ = ૮, તે બમણાં = ૧૬ એમ અર્થઘટન થયું લાગે છે.]

## ૪૪૦. સોમવિમલસૂરિ (ત. હેમવિમલસૂરિ–સૌભાગ્યહર્ષસૂરિશિ.)

હેમવિમલસૂરિ તપગચ્છના પટ્ટધર. તેમની પાટે સૌભાગ્યહર્ષસૂરિ થયા, અને તેમની પાટે સોમવિમલસૂરિ નં.૫૮મા થયા. તેમનો જન્મ ખંભાતમાં સમધર મંત્રી વંશજ રૂપવંતને ત્યાં તેની સ્ત્રી અમરાદેથી થયો. જન્મનામ જસવંત. હેમવિમલસૂરિ પાસે સં.૧૫૭૪માં વૈશાખ શુદ ૩ને દિને દીક્ષા લીધી. દીક્ષાનામ સોમવિમલ. પછી તે સૂરિએ સં. ૧૫૮૩માં સૌભાગ્યહર્ષને સૂરિપદ આપ્યું ને સૌભાગ્યહર્ષસૂરિએ પંડિત-પદ સોમવિમલને શિરોહીમાં આપ્યું. અને વિજાપુરમાં અમદાવાદના સંઘે આવી ઉપાધ્યાયપદ અપાવ્યું. સં.૧૫૯૭માં આસો સુદ ૫ ને ગુરુવારે અમદાવાદમાં સોમવિમલને આચાર્યપદ આપ્યું. અને બીજા લઘુઆચાર્ય સકલહર્ષસૂરિ સ્થાપ્યા. પછી ખંભાતમાં ગચ્છનાયકપદ સોમવિમલસૂરિને આપવામાં આવ્યું – સં.૧૬૦૫ મહા સુદ પાંચમને દિને. આ તેમના શિષ્ય આણંદસોમે સં.૧૬૧૯માં કરેલા 'સોમવિમલસૂરિ રાસ' (જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય – શ્રીજિનવિજયજી સંપાદિત – તેમાં પ્રકાશિત)માંથી લીધેલું છે. સોમવિમલસૂરિ સં.૧૬૩૭ માર્ગશીર્ષમાં સ્વર્ગભાક્ થયા.

**(૯૦૨) ધમ્મિલ રાસ** ર.સં.૧૫૯૧ પોષ સુદ ૧ રવિવાર ખંભાતમાં